# રાજકુમાર હાસ્ય અને રોમાન્સના ચોકઠામાંથી બહાર આવી રહ્યો છે!



રાજકુમાર રાવ આગામી ફિલ્મોના અભિનયમાં મેકઓવર નહીં ટ્રાન્સફોર્મેશન કરી રહ્યો છે. રાજકુમાર રાવની અત્યાર સુધીની સફર જોઈએ તો બાજુની ગલીમાં રહેતા કોઈ હસમુખા અને ભોળા યુવાન જેવો લાગતો હતો. 'બરેલી કી બરફી'નો પ્રીતમ વિદ્રોહી હોય કે 'સ્ત્રી'નો વિકી હોય રાજકુમારે હંમેશા મધ્યમ વર્ગના યુવાનની મથામણ, નિર્દોષ રોમાન્સ અને ગલીપચી કરાવે એવું હાસ્ય પીરસ્યું છે. તેની છબી એક એવા કલાકારની રહી છે જે ગમે તેવા ગંભીર માહોલમાં પણ પોતાની સાદગીથી સ્મિત લાવી શકે છે. પરંતુ હવે જે બે બાયોપિક્સ 'નિકમ' અને 'સૌરવ ગાંગુલી' આવી રહી છે એ તેની આ વર્ષો જૂની ઈમેજને મૂળમાંથી બદલી નાખવાની ક્ષમતા ધરાવે છે. આ કોઈ સામાન્ય મેકઓવર નથી પણ એક આખું ટ્રાન્સફોર્મેશન છે. ફિલ્મ 'નિકમ' ના ઉજ્જવલ નિકમનું પાત્ર ભજવવા માટે ઘણી મહેનત કરી છે. તેને પ્રોસ્થેટિક મેકઅપ પસંદ નથી તેથી પાત્ર મુજબ દેખાવા ખરેખર પોતાના વાળ ટૂંકા કર્યા છે. અત્યાર સુધી રાજકુમારને ફિલ્મોમાં પ્રેમિકાને મનાવતા કે ભૂતથી ડરતા જોયો છે. હવે તે કોર્ટરૂમમાં કાળા કોટમાં સજ્જ થઈને દેશના સૌથી ખતરનાક આતંકીઓ સામે દલીલો કરતો જોવા મળશે. 10 કિલો વજન વધારીને અને પોતાના વાળ ટૂંકા કરીને તેણે સાબિત કર્યું છે કે તે હવે માત્ર હાસ્ય અને રોમાન્સના ચોકઠામાં પુરાઈ રહેવા માંગતો નથી. જ્યારે તે પડદા પર ગંભીર અવાજે કાયદાની કલમો બોલશે ત્યારે પ્રેક્ષકો માટે 'વિકી પ્લીઝ' વાળો રાજકુમાર ભૂલવો મુશ્કેલ તો હશે જ પણ તેટલો જ રોમાંચક હશે. આ પાત્ર તેની કારકિર્દીમાં એક નવી ગંભીરતા અને વજન ઉમેરશે. બીજી બાજુ ક્રિકેટર સૌરવ ગાંગુલીની બાયોપિક તેની ઈમેજને એક અલગ જ ઊંચાઈ પર લઈ જશે. ગાંગુલી એટલે 'દાદા' જેમનામાં આક્રમકતા, નેતૃત્વ અને ગજબનો આત્મવિશ્વાસ છે. અત્યાર સુધી રાજકુમારના પાત્રોમાં એક પ્રકારની નમ્રતા અને ખચકાટ જોવા મળતો હતો પણ ગાંગુલીના પાત્રમાં તેને 'રોયલ બંગાળી ટાઈગર'ની જેમ ગર્જના કરવી પડશે. આ ફિલ્મ દ્વારા રાજકુમાર સાબિત કરશે કે તે માત્ર લાગણીશીલ દ્રશ્યોથી જ નહીં પણ મેદાન પર પરસેવો પાડીને આખા દેશને ગર્વ અપાવતા ખેલાડીનો પાવર બતાવી શકે છે. આ બંને ફિલ્મો રાજકુમારની સ્ટારવેલ્યુમાં વધારો કરશે. અત્યાર સુધી તે એક શ્રેષ્ઠ અભિનેતા ગણાતો હતો પણ આ બાયોપિક્સ તેને એક એવો કલાકાર બનાવશે જે આખા પ્રોજેક્ટને પોતાના ખભા પર ઉંચકી શકે છે. તેની જૂની ઈમેજ સંપૂર્ણપણે ભૂંસાઈ જશે એવું તો નથી. કારણ કે 'સ્ત્રી ૩' જેવી ફિલ્મો તેના હાસ્યના વારસાને જીવંત રાખશે.•

ફિલ્મ ટી.વી


રાકેશ ઠક્કર

## અત્યારે 'અલ્લુ અર્જુન એરા' ચાલી રહ્યો છે?




શું અત્યારે 'અલ્લુ અર્જુન એરા' એટલે કે તેનો સુવર્ણ યુગ ચાલી રહ્યો છે? તેની આગામી ફિલ્મ 'AA23' ને લઈને જે પ્રકારનો ક્રેઝ જોવા મળી રહ્યો છે તે જોતાં જવાબમાં કહી શકાય કે દક્ષિણના 'આઈકોન સ્ટાર' અલ્લુ અર્જુનનું નામ હવે માત્ર એક અભિનેતા પૂરતું મર્યાદિત નથી રહ્યું પણ તે એક વૈશ્વિક બ્રાન્ડ બની ગયું છે. જે ફિલ્મ 'AA23' નું શૂટિંગ હજુ શરૂ પણ થયું નથી તેની માત્ર જાહેરાતના વીડિયો અને સંગીતે સોશિયલ મીડિયા પર આતશબાજી કરી દીધી છે. અનિરૂદ્ધ દ્વારા તૈયાર થયેલ આ ફિલ્મની થીમ અત્યારે ઈન્સ્ટાગ્રામ પર એટલી વાયરલ થઈ છે કે તે ૧૦ લાખથી વધુ રીલ્સમાં વપરાયેલું પહેલું એવું સંગીત બની ગયું છે જે હજુ કોઈ ટીઝર કે ટ્રેલર સાથે આવ્યું નથી. આ ફિલ્મનું નિર્દેશન લોકેશ કનકરાજ કરી રહ્યા છે. જેઓ પોતાના 'લોકેશ સિનેમેટિક યુનિવર્સ' (LCU) માટે જાણીતા છે. એક મહિના પહેલાં આ પ્રોજેક્ટની જાહેરાત થઈ ત્યારે જ સોશિયલ મીડિયાના તમામ રેકોર્ડ્સ ધ્વસ્ત થઈ ગયા હતા. સામાન્ય રીતે ફિલ્મોની હાઈપ બનાવવા કરોડો રૂપિયાનું માર્કેટિંગ કરવું પડે છે. અલ્લુના કિસ્સામાં માત્ર તેનું નામ જ સુનામી લાવવા માટે પૂરતું છે. 'આર્યા' ફિલ્મના ચોકલેટી બોયથી લઈને 'પુષ્પા'ના રગ્ડ અને મેસી ગેંગસ્ટર સુધીની તેની સફર એ વાતની સાક્ષી છે કે તે પાત્ર માટે કેટલી હદે મહેનત કરે છે. તેના ડાન્સ સ્ટેપ્સ અને સ્ટાઈલ માત્ર યુવાનોમાં જ નહીં પણ દરેક પેઢીમાં એક ટ્રેન્ડ સેટ કરે છે. ભવિષ્યમાં અલ્લુ જે ફિલ્મો લઈને આવી રહ્યો છે તે બોક્સ ઓફિસ પર રૂ.૫૦૦૦ કરોડથી વધુનો વ્યાપાર કરવાની ક્ષમતા ધરાવે છે. 'AA23' ઉપરાંત નિર્દેશક એટલી સાથેની ફિલ્મ છે. 'પુષ્પા ૩' ની તૈયારીઓ ચાલે છે. અને ચર્ચા છે કે તે સંદીપ રેડ્ડી વાંગા સાથે પણ કોઈ મોટા પ્રોજેક્ટમાં જોવા મળી શકે છે. જો આ બધી અટકળો સાચી ઠરે તો ઈન્ટરનેટ અને સિનેમાઘરોમાં અલ્લુનો એવો દબદબો જોવા મળશે જે અગાઉ ક્યારેય કોઈ સ્ટારનો રહ્યો નથી. જ્યારે 'પુષ્પા' માં તે 'ઝુકેગા નહીં સાલા' બોલ્યો ત્યારે આખા ભારતે તેને માથે ચડાવ્યો હતો. હવે 'AA23' દ્વારા તે લોકેશ સાથે મળીને કેવો ધડાકો કરશે તેની આતુરતા એટલી છે કે ચાહકો અત્યારથી જ આ ફિલ્મને બ્લોકબસ્ટર જાહેર કરી રહ્યા છે. ફિલ્મના પ્રી-પ્રોડક્શન સમયમાં જ ૧ મિલિયન રીલ્સનો રેકોર્ડ બન્યો છે તે જોતા લાગે છે કે જ્યારે ફિલ્મ રજૂ થશે ત્યારે બોક્સ ઓફિસના તમામ ગણિતો ફરીથી લખવા પડશે. એ માનવું પડશે કે અલ્લુ માત્ર અભિનય કરતો નથી. તે પડદા પર પાત્રને જીવે છે અને એટલે જ આજે તેનો ક્રેઝ દેશની સરહદો ઓળંગીને ગ્લોબલ બની ગયો છે •

# ડિપ્લોમસી હવે ડ્રોઈંગ રૂમમાં નહીં, ડેટા સેન્ટર્સમાં થશે!



આજે આપણે એક એવી દુનિયામાં જીવી રહ્યા છીએ જ્યાં યુદ્ધના મેદાનમાં માત્ર સૈનિકો જ નથી લડતા, પણ સુપરકોમ્પ્યુટરમાં ચાલતા અલ્ગોરિધમ્સ પણ લડાઈ લડી રહ્યા છે. તાજેતરમાં યોજાયેલા AI ઈમ્પેક્ટ સમિટના તારણો પર આધારિત એક વિશ્લેષણ એ વાતની ગવાહી આપે છે કે ભવિષ્યમાં દેશો વચ્ચેના સંબંધો અને જાસૂસીની દુનિયા સંપૂર્ણપણે બદલાઈ જવાની છે.

રાજનીતિના પાયા હચમચી રહ્યા છે. દાયકાઓ સુધી ડિપ્લોમસી (રાજદ્વારી સંબંધો) એ ડ્રોઈંગ રૂમમાં બેસીને ચા પીતા-પીતા લેવાતા નિર્ણયોની રમત હતી. જાસૂસો અંધારામાં રહીને માહિતી એકઠી કરતા અને નેતાઓ વર્ષો જૂના અનુભવના આધારે ભવિષ્યના નિર્ણયો લેતા હતા, પરંતુ ૨૦૨૬ના આ વર્ષે 'એઆઈ ઈમ્પૅક્ટ સમિટ'માં જે ચર્ચાઓ થઈ, તેણે સ્પષ્ટ કરી દીધું છે કે હવે અનુભવ કરતાં અલ્ગોરિધમ વધુ શક્તિશાળી છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ હવે માત્ર ચેટબોટ પૂરતું મર્યાદિત નથી, તે હવે રાજ્યકૌશલ્ય, વિદેશનીતિ અને જાસૂસી તંત્રના મૂળિયાં હલાવી રહ્યું છે.

ભવિષ્ય હવે વેચાય છે! આ લેખનો સૌથી ચોંકાવનારો ભાગ એ 'પ્રિડિક્શન માર્કેટ્સ'નો ઉદય છે. આ એવા પ્લેટફોર્મ છે, જ્યાં સામાન્ય લોકો અને AI મોડલ્સ કોઈ ભૌગોલિક-રાજકીય ઘટના બનશે કે નહીં તેના પર દાવ લગાવે છે. પરંપરાગત જાસૂસી સંસ્થાઓ જેમ કે સીઆઈએ કે રૉ મહિનાઓ સુધી ડેટા ભેગો કરે છે, જ્યારે AI આધારિત પ્રિડિક્શન માર્કેટ્સ લાખો ડેટા પોઈન્ટ્સને સેકન્ડોમાં પ્રોસેસ કરીને સચોટ આગાહી કરે છે. આ સમિટમાં સ્વીકારવામાં આવ્યું કે ઘણીવાર આ ઓપન-સોર્સ માર્કેટ્સની ભવિષ્યવાણી સરકારી જાસૂસો કરતા વધુ સચોટ સાબિત થઈ છે. જો કોઈ મશીન એ કહી શકે કે રશિયા કે ચીન ક્યારે હુમલો કરશે, તો પછી અબજો રૂપિયા ખર્ચીને ઊભું કરેલું જાસૂસી તંત્ર શું કામનું?

લાઈફ-ઓન

★ ફાલ્ગુની આશર

ડિપ્લોમસીનું 'ડિજિટલ ટ્રાન્સફોર્મેશન.' રાજદ્વારીઓનું કામ વાટાઘાટો કરવાનું અને મધ્યમ માર્ગ શોધવાનું છે. પરંતુ હવે AI આ ભૂમિકામાં પ્રવેશ કરી રહ્યું છે. ઉપરાંત, આંતરરાષ્ટ્રીય કરારોમાં જ્યારે એક દેશ બીજા દેશને છેતરવાનો પ્રયત્ન કરે છે, ત્યારે AI મોડલ્સ તે નેતાના અવાજ, ચહેરાના હાવભાવ અને ઐતિહાસિક ડેટાના આધારે પકડી શકે છે કે તે જૂઠું બોલી રહ્યો છે કે નહીં. કોઈ પણ દેશ સાથે સંધિ કરતા પહેલા AI દ્વારા લાખો સંભવિત પરિણામોનું સિમ્યુલેશન કરી શકાય છે. એટલે કે, 'જો અમે આ નિર્ણય લઈશું, તો ૧૦ વર્ષ પછી તેની અસર શું થશે?' તેનો જવાબ હવે સેકન્ડોમાં મળે છે. આનાથી મુત્સદ્દીગીરીમાં માનવીય ભૂલની શક્યતા ઘટી ગઈ છે, પણ સાથે સાથે માનવીય સ્પર્શ અને સંવેદના પણ ગાયબ થઈ રહી છે. તો શું ગ્રાઉન્ડ ઈન્ટેલિજન્સનો અંત આવશે? જાસૂસી એટલે છૂપાઈને માહિતી મેળવવી. પણ AIના જમાનામાં કંઈ પણ છૂપાવવું લગભગ અશક્ય છે. AI હવે હજારો સેટેલાઈટ ઈમેજને સતત સ્કેન કરી શકે છે. જો પૃથ્વીના કોઈ ખૂણે એક ઈંટ પણ હલશે, તો અલ્ગોરિધમને ખબર પડી જશે. આથી, જમીન પર જઈને જાસૂસી કરનારા એજન્ટોની ભૂમિકા હવે જોખમમાં છે.

વળી, સ્પાઈ માસ્ટર્સ હવે AIનો ઉપયોગ કરીને એવા 'ડીપફેક' વીડિયો બનાવી રહ્યા છે, જે આખા દેશમાં ગૃહયુદ્ધ કરાવી શકે છે. સત્ય અને અસત્ય વચ્ચેની દીવાલ હવે કાચ જેવી પાતળી થઈ ગઈ છે. નવી 'ડિજિટલ ગુલામી' જે દેશ પાસે સૌથી શક્તિશાળી AI મોડલ હશે, તે જ દુનિયા પર રાજ કરશે.

જેમ પહેલા પરમાણુ બોમ્બ માટે રેસ હતી, તેમ હવે 'કમ્પ્યુટર પાવર' માટે રેસ છે. જો ભારત પાસે પોતાનું શક્તિશાળી AI નહીં હોય, તો આપણે અમેરિકા કે ચીનના અલ્ગોરિધમ્સ પર નિર્ભર રહેવું પડશે. આ એક પ્રકારની નવી વસાહતવાદ છે. જો યુદ્ધ જેવી સ્થિતિમાં AIકહે કે 'પરમાણુ હુમલો કરો કારણ કે જીતવાની સંભાવના ૯૦% છે,' તો શું કોઈ નેતા તેને ના પાડવાની હિંમત કરશે? જ્યારે મશીન નિર્ણયો લેવાનું શરૂ કરે, ત્યારે લોકશાહીનો અંત નિશ્ચિત છે.

**AI ઈમ્પેક્ટ સમિટનો અહેવાલ: ભવિષ્યમાં દેશો વચ્ચેના સંબંધો અને જાસૂસીની દુનિયા સંપૂર્ણપણે બદલાઈ જવાની**

ભારત માટે આ ચેતવણીની ઘંટડી કેમ છે? ભારત એક એવો દેશ છે જે હંમેશા સંતુલિત વિદેશનીતિમાં માને છે. પરંતુ AIના યુગમાં 'તટસ્થ' રહેવું મુશ્કેલ છે. આપણા પડોશી દેશો ચીન અને પાકિસ્તાન AIનો ઉપયોગ કરીને ભારતના ગ્રીડ, બેંકિંગ અને સંરક્ષણ તંત્ર પર સાયબર હુમલા કરી શકે છે. ભારતીયોનો ડેટા વિદેશી કંપનીઓના સર્વર પર છે. તે ડેટાનો ઉપયોગ કરીને વિદેશી AI આપણી ચૂંટણીઓ અને જનમતને પ્રભાવિત કરી શકે છે. ગણિત અને લાગણી વચ્ચેના આ યુદ્ધમાં માનવતા હારી રહી હોય તેવું લાગે છે.

મશીનના હાથમાં સત્તા, પણ જવાબદારી કોની? AI ઈમ્પૅક્ટ સમિટનો સૌથી મોટો સંદેશ એ છે કે ટેકનોલોજી હવે માત્ર એક સાધન નથી, પણ તે સત્તાનું નવું કેન્દ્ર છે. આપણે એક એવી દુનિયા તરફ જઈ રહ્યા છીએ જ્યાં મુત્સદ્દીગીરીમાં હૃદયના બદલે પ્રોસેસરનો ઉપયોગ થશે.

જ્યારે ભવિષ્યની આગાહી કરવા માટે 'ભવિષ્યવાણીના બજારો' તૈયાર હોય, ત્યારે શું આપણા નેતાઓ માત્ર કઠપૂતળી બનીને રહી જશે?

શું આપણે ખરેખર એવી દુનિયા ઈચ્છીએ છીએ જ્યાં આપણા દેશનું ભાવિ કોઈ અલ્ગોરિધમના 'લૉજિક' પર આધારિત હોય? સમય આવી ગયો છે કે ભારત પોતાના AI ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરે, નહીં તો આપણે ટેકનોલોજીની આ લડાઈમાં માત્ર દર્શક બનીને રહી જઈશું. જાસૂસોએ હવે બંદૂક છોડીને કોડિંગ શીખવું પડશે અને રાજદ્વારીઓએ શબ્દોના બદલે ડેટાને સમજવો પડશે.•




# ભવિષ્યને સ્વરૂપ આપવાની પ્રક્રિયા

આવતીકાલ તો આવશે જ. કદાચ તેનું એક નિર્ધારિત સ્વરૂપ પણ હશે. બે સંભાવના છે, આ સ્વરૂપનો સ્વીકાર કરવો અથવા તો જે સ્વરૂપની ઈચ્છા છે તે પ્રમાણે આવતીકાલ નિર્ધારિત થાય તે માટે પ્રયત્ન કરવો. આવતીકાલનું સંપૂર્ણતામાં નિર્ધારણ શક્ય નથી, છતાં પણ કેટલીક બાબતો માનવીના હાથમાં છે.

યોગવાશિષ્ટમાં જણાવાયું છે કે પ્રારબ્ધ અને પુરુષાર્થ એ બે પરસ્પર પોતપોતાની શક્તિ દર્શાવતાં હોય છે. જેની પાસે વધુ સામર્થ્ય હોય તે પ્રમાણેની પરિસ્થિતિ સ્થાપિત થાય. જો પુરુષાર્થ પ્રારબ્ધ પર હાવી થઈ જાય તો તે જીતે અને જો પ્રારબ્ધની ઉગ્રતા વધુ હોય તો તેની જીત થાય. અહીં એક વાત સમજવા જેવી છે. એવો અર્થ કાઢી શકાય કે જે પણ પરિણામ સ્થાપિત થાય છે તેમાં પ્રારબ્ધ અને પુરુષાર્થ બંનેનો ફાળો હોય. પ્રારબ્ધ નિર્ધારિત છે જ્યારે પુરુષાર્થ વ્યક્તિના હાથમાં હોય છે. પ્રારબ્ધ પૂર્વઆયોજિત પ્રક્રિયાનો ભાગ છે જ્યારે પુરુષાર્થ વર્તમાનની પરિસ્થિતિ છે. પ્રારબ્ધનો સ્વીકાર કરવાનો હોય અને પુરુષાર્થ આદરવાનો હોય. ભવિષ્યને સ્વરૂપ આપવાની પ્રક્રિયા એટલે પુરુષાર્થ અને પછી જે ભવિષ્ય પ્રગટ થાય તે પ્રારબ્ધ.

ભવિષ્યને ઈચ્છિત સ્વરૂપ આપવાની પ્રક્રિયા એટલે જીવનને સ્પર્શતી વિવિધ બાબતોની ભવિષ્યની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને અત્યારથી કરવામાં આવતો પ્રયત્ન. આમાં આર્થિક બાબતો હોઈ શકે, આરોગ્ય અને તંદુરસ્તીની વાત હોઈ શકે, કૌટુંબિક કે સામાજિક સમીકરણનો ઉલ્લેખ જોવાં મળી શકે, કળા અને સર્જનાત્મક રસના વિષયોમાં સમજ સ્થાપિત કરવાની જરૂરીયાત હોઈ શકે, પદ અને પ્રતિષ્ઠા માટે આયોજન હોઈ શકે અને આધ્યાત્મિકતામાં રસ જાગ્રત કરી સંતોષ શાંતિ અને આનંદ માટેની લાંબાગાળાની યોજના પણ હોઈ શકે.

સામાન્ય રીતે એમ માનવામાં આવે છે કે ભવિષ્ય એટલે પૈસાની બચત. આ બચત માટે આરોગ્ય અને તંદુરસ્તીનો પણ ભોગ લેવાતો હોય છે. પૈસા એકત્રિત કરવા પદ અને પ્રતિષ્ઠા પણ દાવ પર લગાવાતી હોય છે. એકવાર પૈસો હાથમાં આવે પછી આનંદ, શાંતિ, સંતોષ, સુખ, બધું જ મળશે તેવી ભ્રમણામાં રહેવાતું હોય છે. મોટી ઉંમરે ભક્તિ કરીને ભગવાનને મનાવી લઈશું, આધ્યાત્મિકતાના ઉચ્ચ શિખરો સિદ્ધ કરી લઈશું, એવી માન્યતા સાથે લક્ષ્મી પાછળ આંધળી દોટ મૂકાતી હોય છે. એકંદરે એમ કહી શકાય કે અન્ય દરેક બાબતોનો જાણે ભોગ લઈ ભવિષ્યને ચોક્કસ સ્વરૂપ આપવા માત્ર પૈસા પર ધ્યાન કેન્દ્રિત કરાતું હોય છે.

આંખની અટારી

★ હેમુ ભીખુ

આર્થિક આયોજન આવશ્યક છે. આવક, ખર્ચ અને બચત વચ્ચે સંતુલન હોવું જોઈએ. લોભ વગર બચત અને રોકાણનું આયોજન કરવું જોઈએ. ઘડપણની જરૂરિયાતો માટે અત્યારથી ગોઠવણ કરવી જોઈએ. ભવિષ્યની કૌટુંબિક તેમજ સામાજિક આર્થિક જરૂરિયાતો માટે પણ અત્યારથી આયોજન જરૂરી છે. આ માટે વ્યવસાય તથા કારકિર્દીનું આયોજન પણ મહત્વનું ગણાય. અહીં વિચારવા જેવી એ વાત છે કે ઘણીવાર વ્યક્તિ એટલી સંપત્તિ ભેગી કરે કે જે સાત પેઢી સુધી ચાલે, આ ખોટું છે. ભવિષ્યની જરૂરિયાત માટીની સમજ મર્યાદિત, મર્યાદિત સમય માટે અને મર્યાદિત પરિપ્રેક્ષ્યની હોવી જોઈએ. ભવિષ્યમાં પણ પુરુષાર્થની આવશ્યકતા રહે તેવી ગોઠવણ ઈચ્છનીય ગણાય. એ પણ સમજવું પડે કે એક સમયે પૈસો કામ નહીં આવે. કહેવાય છે કે 'પહેલું સુખ તે જાતે નર્યા'. તંદુરસ્તીના ભોગે પૈસો નહીં, પૈસો તંદુરસ્તી પાછી નહીં આપી શકે. કેટલાક બુદ્ધિજીવીઓ આની સામે દલીલ કરી શકે, પરંતુ હૃદય રોગનો હુમલો થયાં પછી હૃદયનાં કોષ કોઈ પણ સંજોગોમાં પુનર્જીવિત થતાં નથી. ભવિષ્યના સ્વરૂપમાં તંદુરસ્તીનું મહત્વ વધુ હોવું જોઈએ. આજથી ૧૦-૨૦ વર્ષ પછી શરીરમાં એવી કેવી તકલીફો થઈ શકે તેની સંભાવના છે તે વિશે અત્યારથી જ સભાનતા જરૂરી છે અને તેનાં સંભવિત નિવારણ માટે અત્યારથી જ પ્રયત્ન થવાં જોઈએ. પાછળથી કશું જ નહીં થઈ શકે. કસરત પણ નહીં થઈ શકે, યોગનાં અમુક આસન પણ નહીં થઈ શકે અને અમુક સંજોગોમાં તો 'પ્રોટીન' પણ નહીં લઈ શકાય. તે વખતે માત્ર રોગની પસંદગી જ થઈ શકશે. ભવિષ્યના સ્વરૂપની જે કલ્પના હોય તેમાં તંદુરસ્તીનો સમાવેશ જરૂરી છે.

જ્યારે નિવૃત્ત જીવન હશે ત્યારે ખબર નહીં હોય કે શું કરવું. નિવૃત્ત વ્યક્તિનો ઘણી વાર એક જ ઉદ્દેશ રહેતો હોય છે, 'સમય પસાર કરવો'. પછી એવી પ્રવૃત્તિમાં પોતાની જાતને સંલગ્ન રાખવી પડતી હોય છે કે જે પોતાની ઈચ્છા મુજબની પણ ન હોય. જીવનના આ તબક્કા માટે કેટલીક 'હોબી' કેળવવી પડે, સમાજ સાથે તાલમેલ મેળવવો પડે, ઉત્તરદાયિત્વની પરિભાષા બદલવી પડે અને સમજવી પણ પડે, સંભાવના અને સ્વીકૃતિ વચ્ચે સંતુલન લાવવું પડે, પરિસ્થિતિને જેમ છે તેમ સ્વીકારવાની તૈયારી રાખવી પડે, સામાજિક કર્તાપણાનો ભાવ ઓછો કરી વ્યક્તિગત સૌમ્યતા માટેનો અભિગમ વિકસાવવો પડે, કુટુંબમાં અહંકાર સ્થિત માનસિકતા છોડવી પડે, નવી જીવનશૈલી માટે સ્વીકૃતિ હોવી જોઈએ - અને આ બધાંની તૈયારી પહેલાથી શરૂ કરવી પડે. ભવિષ્યનાં સ્વરૂપને નિર્ધારિત કરવા માટેનું આ પણ એક અગત્યનું પાસું છે. જ્યારે ભવિષ્યનું સ્વરૂપ નિર્ધારિત કરવું હોય ત્યારે લક્ષ્ય સ્પષ્ટ હોવું જોઈએ, સમય મર્યાદા અનુસાર આયોજન થવું જોઈએ, સમયાંતરે આયોજન તેમજ પરિસ્થિતિની સમીક્ષા કરી જો બદલાવ જરૂરી હોય તો તેનાં પર કામ કરવું જોઈએ, સંભવિત અનિશ્ચિતતાઓ માટે સજાગ રહેવું જોઈએ, પ્રાથમિકતા અર્થાત અગ્રતાક્રમ માટે સ્પષ્ટતા હોવી જોઈએ, સમાવેશીય અભિગમ પણ જરૂરી છે, ક્ષમતા અને પ્રયત્ન વચ્ચે સંતુલન હોવું જોઈએ અને આ બધાં સાથે પછી ભવિષ્યની જે પણ પરિસ્થિતિ ઉદ્ભવે તેની સ્વીકૃતિની તૈયારી પણ હોવી જોઈએ.

**ભવિષ્યને ઈચ્છિત સ્વરૂપ આપવાની પ્રક્રિયા એટલે જીવનને સ્પર્શતી વિવિધ બાબતોની ભવિષ્યની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને અત્યારથી કરવામાં આવતો પ્રયત્ન**

આ સમગ્ર આયોજનમાં આર્થિક, કૌટુંબિક, સામાજિક, શારીરિક, માનસિક, ધાર્મિક, બૌદ્ધિક તેમજ આધ્યાત્મિક બાબતોનો સમાવેશ થવો જોઈએ. તો જ ભવિષ્યનું ઈચ્છિત સ્વરૂપ સ્થાપિત થવાની 'લગભગ' સંભાવના ઊભી થાય, નહીંતર એક બાબતે સફળતા જણાય અને અન્ય બાબત અતિ તકલીફજનક બની રહે. સમગ્રતામાં વિચાર જરૂરી છે, સમગ્રતાનો અભિગમ જરૂરી છે અને સમગ્રતાલક્ષી આયોજન જરૂરી છે. •

